
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



રથયાત્રામાં ભગવાનનો રથ ખેંચ્યા વગર મોહનથાળ અને બટાકાનું શાક દાબીને ખાધુ હતું...??

# સેક્ટર-૪માં અડધી રાતે અસામાજીક તત્વોનો આતંક

### બે કારના કાચ તોડ્યા : રાત્રે અઢી વાગે બે બાઈક પર ચાર યુવાનો આવી, પથ્થર મારી ગાડીના કાચ તોડી ફરાર થઈ ગયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં રોજ બરોજ અસામાજીક તત્વોનો આતંક વધી રહ્યો છે. રાજયના પાટનગરમાં વાહનચોરી, ઘરફોડ, મારામારી, લુંટ સહિતના ગુનાઓ સામાન્ય થઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગઈકાલ રાત્રીના સમયે સેકટર-૪ સી ખાતે કેટલાક અસામાજીક તત્વોએ આંતક મચાવ્યો હતો. એક વસાહતીના ઘર પાસે આવી બે ગાડીના કાચ પથ્થર મારી ફોડી નાંખ્યા હતા. રાત્રીના સમયે કાચ તુટવાનો અવાજ થતા અન્ય વસાહતીઓ જાગી જતા અસામાજીક તત્વો ભાગી છુટ્યા હતા. જયારે ગાડીના કાચ તુટ્યા ત્યારે વસાહતી પરિવાર સાથે બહારગામ ગયા હતા. ત્યારે સેકટર-૪ સી ખાતે કાર તો સલામત નથી, પરંતુ નાગરીકોની સલામતી પણ ઝોખમાઈ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે સેકટરમાં આવા વિકૃત માનસ ધરાવતા તત્વોને પગલે ભયનો માહોલ છવાયો છે.



ગાંધીનગર શહેરના સેકટર-૪ સી પ્લોટ નં.૬૫૦-૨ ખાતે નિવૃત ફોરેસ્ટ અધિકારી હેમંત સુથાર પોતાના પરિવાર સાથે રહે છે. તેઓના મકાનની બહાર તેમની હોન્ડા અમેઝ કાર નં.જી.જે.૭.બી.એ.-૦૬૦૧ અને મારૂતિ ૮૦૦ કાર નં.જી.જે.૧૮.એ.એ.-૧૮૨૧ નંબરની પાર્ક કરી હતી. ત્યારે ગત રાત્રીના તેઓ કામઅર્થે પરિવાર સાથે બહાર હતા. તે સમયે તેમની કારના કાચ તુટવાની ઘટના બની હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ રાત્રીના બે કે અઢી વાગ્યાના અરસામાં તેમના ઘર પાસે રીંગરોડ પર બે બાઈક પર ચાર જેટલા યુવાનો આવ્યા હતા અને પથ્થર કે લાકડી મારી બંન્ને ગાડીના કાચ તોડી નાંખ્યા હતા. જો કે અવાજ થતા વસાહતીઓ જાગી જતા આ યુવાનોને પડકાર્યા હતા. પરંતુ રાત્રીના સમયે હોહા થતા તાત્કાલીક આ યુવાનો બાઈક લઈને ભાગી ગયા હતા. અડધી રાતે ગાડીના કાચ તુટવાની ઘટનાને પગલે વસાહતીઓમાં ભય ફેલાયો છે. ત્યારે પોલીસ તંત્ર આવા વિકૃત માનસ ધરાવતા તત્વો સામે લાલ આંખ કરે તેવી સ્થાનિક વસાહતીઓની લાગણી અને માંગણી છે.

## ગાંધીનગર જિલ્લાના ૯૭ પોલીસ કર્મચારીની બદલી કરાઈ

ગાંધીનગર જિલ્લામાં વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા ૯૭ પોલીસ કર્મચારીઓની બદલી જિલ્લા પોલીસ વડા દ્વારા કરવામાં આવી છે. રથયાત્રા અને રાજયસભાની ચુંટણીઓ પૂર્ણ થતા જ પોલીસ જવાનોની બદલી કરાઈ છે. જયારે પોલીસ કર્મચારીઓને બદલીના સ્થળે હાજર થઈ જવા પણ જણાવાયું છે.

ગાંધીનગર શહેર-જિલ્લાના સે-૨૧, સે-૭, ઈન્ફોસીટી, પેથાપુર, અડાલજ, દહેગામ, ચિલોડા, ડભોડા, રખિયાલ, માણસા, કલોલ, સાંતેજ, મહિલા પોલીસ સ્ટેશન સે-૧૬ સહિત ટ્રાફિક પોલીસ મથકે ફરજ બજાવતા ૯૭ પોલીસ કર્મચારીઓની એક સાથે બદલી કરવામાં આવી છે. વર્ષોથી એક જ સ્થળે અડીંગો નાંખીને ફરજ બજાવતા કર્મચારીઓની બદલી કરાઈ છે. પહેલા પણ પોલીસ કર્મચારીઓની બદલીના હુકમો થયા હતા. ત્યારબાદ તાજેતરમાં ૬ પીઆઈની પણ આંતરીક બદલી કરવામાં આવી હતી. તમામ પોલીસ કર્મચારીઓને બદલીના સ્થળે હાજર થવા માટે જિલ્લા પોલીસ વડાએ આદેશ કર્યો છે. જયારે ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ ભીખુસિંહને ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે એકાઉન્ટ રા.હે.કો. તરીકે ફરજ બજાવવાની રહેશે.

## સિવિલ કેન્ટીનની બાજુમાં કાર નીચેથી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં જુના લેબર વોર્ડની બાજુમાં પડેલી એક મારુતિવાન કાર નીચેથી ૫૦ વર્ષિય આધેડનું શરીર અડધુ અંદર - અડધુ બહાર દેખાઈ રહ્યું હતું. તે રીતે આધેડનો મૃતદેહ પડ્યો હતો. સવારના સમયે કાર નીચેથી મળી આવેલા આધેડના મૃતદેહને પગલે સમગ્ર શહેરમાં હોહા ચમી જવા પામી હતી. બનાવને પગલે સિવિલના કર્મચારીઓએ હોસ્પિટલના આરએમઓને જાણ કરી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



રવિવારના રોજ સવારના સમયે કેન્ટીન પાસે જુના લેબર વોર્ડ નજીક પાર્ક થયેલી કાર નીચેથી એક આધેડ વ્યકિતનો મૃતદેહ મળી આવતા હોહા મચી જવા પામી હતી. સવારના સમયે ચા-નાસ્તો કરવા અને લેવા માટે આવેલા દર્દીઓ અને સગાઓની ભારે ભીડ જમા થઈ હતી. અડધુ શરીર ગાડી નીચે તેમજ અડધુ શરીર ગાડીની બહારની સાઈડ હતું. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ મૃતક આધેડ ગાંધીનગર નજીક આવેલા તારાપુર ગામનો વતની હતો. મૃતકનુ નામ શૈલેષ વાળંદ હતું અને તે છેલ્લા કેટલાક દિવસથી બિમાર હતો.જેને પગલે અગાઉ તેણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલી છે. સિવિલ કેમ્પસ તેના માટે આશ્રય સ્થાન હતું, ત્યારે રવિવારના રોજ તેનો મૃતદેહ મળી આવતા સિવિલ કેમ્પસમાં ચકચાર મચી જવા પામી હતી.

## વલાદ પાટીયા પાસે ઈકો-ટ્રક વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા - નરોડા હાઈ-વે પર આવેલા વલાદ ગામના પાટીયા પાસે રવિવારના રોજ સવારના ૧૧ વાગ્યાના અરસામાં ઈકો અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સામસામે થયેલા અકસ્માતમાં ઈકો કારના ચાલકનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતુ તો ઈકો કારમાં સવાર અન્ય એક વ્યકિતને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ બોલાવી ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. જયાંથી વધુ સારવાર માટે ઈજાગ્રસ્તને અમદાવાદ ની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો છે. જયારે ટ્રક ચાલક અકસ્માત સર્જીને ટ્રક મુકીને ભાગી ગયો હતો. જયારે અકસ્માતને પગલે ઈકો કારના આગળનો ભાગ ભુક્કો બોલાઈ ગયો છે. હાઈ વે પર થયેલા અકસ્માતને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયો હતા.



જયારે બનાવ અંગે મૃતકના દિકરાએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડભોડા પોલીસ મથકે થી જાણવા મળ્યા મુજબ ઈડર ખાતે કલરવ સોસાયટી મકાન નં.૨૫ ખાતે રહેતા દિનેશકુમાર ઉત્તમચંદ શાહ પોતાના પરિવાર સાથે રહે છે અને સ્ટેશનરીની દુકાન ધરાવે છે. રવિવારના રોજ સવારે ૯ વાગે તેઓ પોતાની ઈકો કાર નં. જીજે.૯.બી.ડી.-૭૯૪૧ લઈને પોતાના નાના પુત્ર પ્રિયંકને સાથે લઈને અમદાવાદ દુધેશ્વર ખાતે આવેલ આસ્થા એન્ટ્ર પ્રી નોન્સ કંપનીના કામે આવી રહ્યા હતા. તે દરમિયાન ૧૧ વાગ્યાના અરસામાં ચિલોડા-નરોડા હાઈ-વે પર રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે સામેથી આવી રહેલી આર.જે.૦૫.જી.બી.૯૭૫૭ ના ચાલકે ગફલતભરી રીતે હંકારીને ટ્રક પરનો કાબુ અચાનક ગુમાવી દેતા ઈકો સાથે ભટકાયો હતો.

આ બનાવમાં ઈકો કારનો ખુડદો બોલાઈ ગયો હતો. ઈકો કારના ચાલક દિનેશકુમાર ઉત્તમચંદ શાહનું ગંભીર ઈજાઓને પગલે ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું.જયારે પ્રિયંક દિનેશબાઈ શાહને શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયો છે. બનાવને પગલે મૃતકના દિકરા તારકકુમાર શાહની ફરીયાદ લઈ ગુનોં નોંધી ડભોડા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર મહાનગર ભા.જ.પ., વોર્ડ-૫ના સેક્ટર-૧૩/એ ખાતેના અંબાજી મંદિર ચોકમાં સંગઠન પર્વ-૨૦૧૯ શુભારંભ કાર્યક્રમ તથા 'હરિયાળું ગાંધીનગર-હરિયાળો દેશ' વૃક્ષારોપણ કાર્યક્રમ વોર્ડ નં.-૫ના સંગઠન પર્વ ઈન્ચાર્જ વિનોદભાઈ ઉદેચા દ્વારા કરાયેલી સુંદર વ્યવસ્થા તથા સંચાલન થકી ઉજવાયો હતો. સમગ્ર કાર્યક્રમને મોટી સંખ્યામાં ઉપસ્થિત વસાહતીઓએ ભારત માતા કી જય...વંદે માતરમ્‌ના નારા સાથે વધાવ્યો હતો.

# માર્ચ ૨૦૨૦ સુધી કર્મચારીના પગારનો ખર્ચ ૩૦૬૦૪ કરોડ થશે અને પેન્શન પાછળ ૧૭૧૭૯ કરોડ વપરાશે




ગુજરાત સરકારમાં સાતમા પગાર પંચના અમલ પછી નાણા વિભાગ ઉપર પગાર અને પેન્શન તેમજ જાહેર દેવાના વ્યાજની ચૂકવણીના ખર્ચમાં વિક્રમી વધારો થયો છે. ગયા વર્ષે સરકારે તેના અધિકારીઓ તેમજ કર્મચારીઓના પગાર પાછળ ૨૮,૧૮૬ કરોડ અને પેન્શન પાછળ ૧૩,૯૭૯ કરોડનો ખર્ચ કર્યો હતો પરંતુ માર્ચ ૨૦૨૦ સુધીના ચાલુ વર્ષમાં અધિકારીઓ અને કર્મચારીઓના પગાર પેટે ૩૦,૬૦૪ કરોડ અને પેન્શન પેટે ૧૭,૧૭૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. રાજ્યમાં એક વર્ષમાં પગાર ખર્ચમાં ૧૧.૮૩ ટકા અને પેન્શન ખર્ચમાં ૧૭.૦૭ ટકાનો વધારો થયો છે. બીજી તરફ જાહેર દેવાના વ્યાજપેટે સરકારે ગયા વર્ષે ૧૭,૧૪૬ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા જે વધીને ચાલુ વર્ષે ૧૮,૧૨૪ કરોડ થવાની સંભાવના છે. એક વર્ષમાં જાહેર દેવાના વ્યાજની ચૂકવણીમાં ૯.૭૧ ટકાનો વધારો થવાની સંભાવના છે. આશ્ચર્ય એ બાબતનું છે કે ૨૦૦૪-૦૫માં કર્મચારીઓના પગાર પાછળ સરકાર માત્ર ૬૩૯૩ કરોડ અને પેન્શન પાછળ ૧૮૯૨ કરોડનો ખર્ચ કરતી હતી. ત્યારપછીના પાંચ વર્ષોમાં પગાર અને પેન્શન ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો ન હતો પરંતુ કર્મચારીઓને જ્યારથી છઠ્ઠું અને સાતમું પગાર પંચ આપવામાં આવ્યું છે ત્યારથી કર્મચારીઓના પગાર અને તેની સાથે પેન્શન ખર્ચ વધતું ગયું છે. સાથે સાથે જાહેર દેવું પણ રોકેટ ગતિએ વધતું ગયું છે. ૨૦૦૪-૦૫માં જાહેર દેવા પેટેનું વ્યાજ માત્ર ૫૪૩૬ કરોડ હતું જે આજે ત્રણ ગણું થઈ ચૂક્યું છે.

## ગુજરાતમાં ૬૫ આઇએએસ અધિકારીઓની ઘટ છે, ૨૧ ઓફિસરો તો ડેપ્યુટેશન પર ફરજ બજાવી રહ્યાં છે

**વર્ગ-૧ના ૬૮૦ અને ૬૫ છજી ઓફિસરોની જગ્યા ખાલી...**

ગુજરાત વહીવટી સેવામાં વર્ગ-૧ના અધિકારીઓની ઘટ વર્તાઇ રહી છે. રાજ્ય સરકારમાં વર્ગ-૧માં ચાર સ્કેલ રાખવામાં આવ્યા છે, જે પૈકી જૂનિયર સ્કેલમાં ૪૩૫ પૈકી ૬૦ જગ્યાઓ ખાલી છે. સિનિયર સ્કેલની ૧૭૪ પૈકી ૧૩, સિલેક્શન સ્કેલની ૫૭ પૈકી ૪૦ અને અપેક્ષ સ્કેલની ૧૪ પૈકી ૧૨ જગ્યાઓ ખાલી છે. ખાલી પડેલી આ જગ્યાઓના કારણે વહીવટી તંત્ર પર અસર થાય છે અને એક અધિકારીને બેવડા ચાર્જ આપવાથી બન્ને વિભાગોમાં વિલંબિત કામગીરી થતી જોવા મળે છે. રાજ્ય સરકારે ખાલી પડેલી આ જગ્યાઓમાં છેલ્લે ૨૦૧૬માં ૩૮ ઉમેદવારોને નિમણૂકો આપી છે તેમ છતાં હજી વર્ગ-૧ની કુલ ખાલી પડેલી ૬૮૦ જગ્યાઓ પૈકી ૬૪૪ જગ્યાઓએ નિયુક્તિ કરવામાં આવી નથી. બીજી તરફ રાજ્યમાં ભારતીય સનદી સેવાના અધિકારીઓની મંજૂર થયેલી ૩૧૩ જગ્યાઓ પૈકી ૬૫ જગ્યાઓ ખાલી પડી છે. હાલ ૨૧ આઈએએસ ઓફિસરો ડેપ્યુટેશન પર ગયેલા છે પરિણામે ઘણાં ઓફિસરોને વધારાના હવાલા સંભાળવા પડે છે. રાજ્યમાં ઉદ્યોગ વિભાગનો વધારાનો હવાલો મુખ્યમંત્રીના અગ્રસચિવ એમકે દાસ સંભાળી રહ્યાં છે જ્યારે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર ગૃહ વિભાગનો વધારાનો હવાલો સંભાળી રહ્યાં છે.

**ગુજરાતમાં કૃષિ ઉત્પાદનમાં ચોંકાવનારો ઘટાડો...**

ગુજરાતમાં ગયા વર્ષે થયેલા ઓછા વરસાદના કારણે ખેતી પર માઠી અસર થઇ છે. કૃષિ ઉત્પાદનમાં રાજ્યને ભારે નુકશાન થયું છે. રાજ્યના ખેડૂતો રોકડિયા પાક તરફ વળ્યા હોવાથી કપાસના પાકમાં સૌથી વધુ ૫૦ ટકાનો ઘટાડો થયો છે. બીજાક્રમે તેલિબિયાં પાકોમાં ૪૫ ટકા અને અનાજમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. રાજ્યના આર્થિક સમીક્ષાના એક રિપોર્ટના કૃષિ સેક્ટરમાં આ ચોંકાવનારો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૨૦૧૮ના ચોમાસામાં સરેરાશ ૭૬.૭૩ ટકા વરસાદ થયો છે પરિણામે કપાસનું ઉત્પાદન જે ગયા વર્ષે ૧૭૦ કિલોગ્રામની એક ગાંસડી લેખે કુલ ૧૦૧.૧૩ લાખ ગાંસડીનું ઉત્પાદન હતું તે ઘટીને આ વર્ષે ૫૦.૫૩ લાખ ગાંસડી થયું છે. તેલિબિયાંનું ઉત્પાદન ૬૧.૪૩ લાખ મેટ્રીક ટનથી ઘટીને ૩૫.૧૦ લાખ મેટ્રીક ટન થયું છે જ્યારે અનાજનું ઉત્પાદન ગયા વર્ષે ૭૬.૬૧ લાખ મેટ્રીક ટન હતું તે ઘટીને ચાલુ વર્ષે ૬૬.૯૧ લાખ મેટ્રીક ટન થયું છે. રાજ્યમાં ખેડૂતો આ ઉપરાંત બાગાયતી પાકોમાં પણ આગળ વધ્યાં છે. ફળોનું ઉત્પાદન ૯૦.૦૪ લાખ ટન કર્યું છે જ્યારે શાકભાજીનું ઉત્પાદન ૧૩૨.૩૪ લાખ ટન, મસાલા પાકોનું ઉત્પાદન ૧૦.૦૩ લાખ ટન તેમજ ફુલોનું ઉત્પાદન ૧.૯૩ લાખ ટન થયું છે. જો કે રાજ્યમાં દૂધનું ઉત્પાદન ૧૩૫.૬૯ લાખ ટન થી વધીને ૧૪૪.૯૨ લાખ ટન થયું છે.

## ૫૦ ટકા કપાસની ઘટ સાથે રાજ્યની કૃષિ ઉપજમાં ઘટાડો, અનાજ અને તેલિબિયાંના પાકોને માઠી અસર

**ગાંધીના ગુજરાતમાં ખાદી ફોર ફેશન બની...**

મહાત્મા ગાંધીના ગુજરાતમાં ખાદી ફોર ફેશન બની છે. મોદીએ ખાદીના કરેલા બ્રાડીંગની સીધી અસર ગુજરાત ઉપર થઇ છે. મોદીએ સૂત્ર આપ્યું છે કે ખાદી ફોર નેશન.. ગુજરાતનું સૂત્ર ખાદી ફોર ફેશન છે...

ખાદી અને ગ્રામોદ્યોગના આંકડા જોઈએ તો રાજ્યમાં ખાદી અને ગ્રામોદ્યોગમાં વેચાણનો આંકડો ૧૧૭૭.૯૦ કરોડ રૂપિયા થયો છે જે પૈકી એકલા ખાદીના વેચાણનો આંકડો ૮૫.૫૫ કરોડ છે. ગયા વર્ષે ૧૧૩૩.૬૯ કરોડનું વેચાણ થયું હતું જે પૈકી ખાદીના વેચાણનો આંકડો ૪૬.૧૪ કરોડ રૂપિયા હતો. ખાદીના વેચાણમાં એક વર્ષમાં ૪૦ ટકાનો વધારો નોંધાયો છે. આ બન્ને ક્ષેત્રોમાં પાછલા વર્ષે ૧.૯૮ લાખ લોકોનો રોજગારી મળતી હતી પરંતુ ઉત્પાદન અને વેચાણના આંકડા વધતા ચાલુ વર્ષે ૨.૦૭ લાખ લોકોને રોજગારી મળે છે. ૨૦૧૭-૧૮ના વર્ષમાં ખાદીમાં રોજગારીનો આંકડો માત્ર ૬૦૦૮નો હતો જે વધીને ૨૦૧૮-૧૯માં ૧૩૫૯૯ થયો છે. રાજ્યમાં ખાદીનું ઉત્પાદન એક વર્ષમાં ૫૨.૪૬ લાખ થી વધીને ૭૯.૭૯ લાખ થયું છે જ્યારે ગ્રામોદ્યોગનું ઉત્પાદન ૯૧૦ કરોડથી વધીને ૯૧૩ કરોડ થયું છે. આજે ગુજરાતમાં તૈયાર થયેલા ખાદીના વસ્ત્રો દેશભરના માર્કેટમાં વેચાઇ રહ્યાં છે. એવી જ રીતે ગ્રામોદ્યોગની ચીજવસ્તુઓને પણ રાષ્ટ્રીય બજાર મળ્યું છે.

**ગુજરાતની બેન્કોમાં ૬.૯૭ લાખ કરોડની થાપણો છે...**

ગુજરાતમાં બેન્કો થાપણો અને ધિરાણના આંકડા વધતા જાય છે. જાણીને નવાઇ લાગશે કે રાજ્યમાં હાલની સ્થિતિએ બેન્કોની ૯૭૯૭ શાખાઓમાં કુલ ૬,૯૭,૨૫૦ કરોડની થાપણો છે જેની સામે બેન્કોએ ૫,૩૯,૩૯૨ કરોડનું ધિરાણ કર્યું છે. એક વર્ષમાં બેન્ક શાખાઓની સંખ્યામાં ૪૪૪નો વધારો થયો છે. થાપણોમાં ૩૪,૮૫૬ કરોડનો અને ધિરાણમાં ૫૧,૨૭૨ કરોડનો વધારો નોંધાયો છે. બેન્કોની સૌથી વધુ સંખ્યા ગ્રામીણ વિસ્તારમાં છે. મોટા શહેરોમાં તો બેન્કોની ૨૨૯૩ શાખાઓ આવેલી છે. બેન્કો સૌથી વધુ ધિરાણ પ્રાથમિકતાવાળા ક્ષેત્રોને ધિરાણ કરતી હોય છે. આ ધિરાણની રકમ ૨.૭૦ લાખ કરોડ છે, જેની સામે ખેતી ક્ષેત્રને ધિરાણનો આંકડો માત્ર ૮૩૧૫૭ કરોડ છે. નાના પાયાના ઉદ્યોગોને બેન્કોએ ૧.૨૭ લાખ કરોડનું ધિરાણ આપ્યું છે જ્યારે નબળા વર્ગોને માત્ર ૪૫,૧૨૦ કરોડનું ધિરાણ મળ્યું છે. ચોંકાવનારી વિગતો એવી સામે આવી છે કે કિસાન ક્રેડીટ કાર્ડની સંખ્યા ઘટી રહી છે. માર્ચ ૨૦૧૮માં ૪૩૯૪૧ કરોડના ૨૭.૩૦ લાખ કિસાન ક્રેડીટ કાર્ડ હતા જેની સામે માર્ચ ૨૦૧૯માં ૪૬,૮૩૯ કરોડના ૨૭.૦૮ લાખ થયા છે...



**ગુજરાતમાં બેકારીના આંકડા ઘટતા જાય છે...**

ગુજરાતની રોજગાર વિનિમયની કચેરીઓમાં બેરોજગારીના આંકડા સતત ઘટતા જાય છે. સરકારે એવો તો શું જાદુ કર્યો છે કે બેકારીના આંકડા તળીયે આવી રહ્યાં છે. હકીકતમાં શિક્ષિત યુવાનો કે યુવતિઓ રોજગારી વિનિમય કચેરીમાં તેમના નામની નોંધણી કરાવતા હોતા નથી. જેમને સરકારી નોકરી જોઇએ છે તેવા રોજગારવાંછુઓ તેમના નામ નોંધાવતા જોવા મળ્યા છે.

૧૯૯૫માં રાજ્યમાં બેકારોની સંખ્યા ૯.૧૨ લાખ હતી જે ૨૦૦૦ના વર્ષમાં વધીને ૧૦.૬૯ લાખ થઇ હતી. ૨૦૦૫માં રાજ્યમાં ૮.૫૫ લાખ, ૨૦૧૦માં ૮.૯૧ લાખ, ૨૦૧૫માં ૬.૭૭ લાખ, ૨૦૧૬માં ૫.૯૭ લાખ, ૨૦૧૭માં ૫.૩૭ લાખ અને ૨૦૧૮માં ૪.૬૪ લાખ બેકારો નોંધાયા છે. રાજ્યમાં છેલ્લી મોજણી પ્રમાણે શિક્ષિત બેકારોની સંખ્યા ૪૪૦૪૯૨ છે, જ્યારે અશિક્ષિત બેકારોની સંખ્યા ૨૪૦૫૮ છે. ખુશીના સમાચાર એ છે કે અશિક્ષિત બેકારોની સંખ્યા ઘટતી રહી છે. ૧૯૯૫માં અશિક્ષિત બેકારોની સંખ્યા ૨.૪૧ લાખ હતી જે ૨૦૦૫માં ઘટીને ૧.૧૨ લાખ થઇ હતી. રાજ્યમાં ૧.૨૦ લાખ એસએસસી પાસ અને ૧.૨૯ લાખ ઈન્ટર પાસ બેકારો છે જ્યારે ૧.૨૦ લાખ સ્નાતક બેકારો છે. સરકારી ચોપડા પ્રમાણે ૧૬૬૨૩ ઈજનેરો બેકાર છે. ૨૩૭૪૭ અનુસ્નાતક બેકાર છે.

## સરકારની ચિંતા પેપર પર ઘટી, માત્ર ૪.૬૪ લાખ બેકાર રહ્યાં, રોજગાર વિનિમય કચેરીના ભ્રામક આંકડા

**ગુજરાતમાં ટેક્સપેયરની સંખ્યા ૭૭.૧૬ લાખ...**

ગુજરાતમાં ઈન્કમટેક્સ પેયર્સની સંખ્યા વધીને ૭૭,૧૬,૩૮૦ થઇ છે. પેનકાર્ડ અને આધાર કાર્ડની ઝૂંબેશના કારણે આ સંખ્યામાં વધારો થયો છે. ૨૦૧૫-૧૬ના વર્ષના અંતે ટેક્સપેયર્સની સંખ્યા માત્ર ૪૦,૦૨,૧૭૫ હતી જ્યારે ૨૦૧૭-૧૮માં ટેક્સપેયર્સ ૬૧,૧૫,૧૧૪ હતી. રાજ્યમાં આકારણીદારોની સંખ્યામાં સૌથી વધુ ૬૯,૫૧,૮૧૩ વ્યક્તિગત છે. કંપનીમાં ૮૮,૫૧૬ છે, હિન્દુ અવિભક્ત કુટુંબોમાં ૩,૧૬,૭૦૯ છે. પેઢીઓ ૨,૯૯,૧૫૫ છે. ટ્રસ્ટો કે જેઓ ઈન્કમટેક્સ ભરે છે તેની સંખ્યા ૧૫,૧૧૫ની છે અને અન્યમાં ૪૫,૦૭૨ની સંખ્યા છે. રાજ્યના આવકવેરા વિભાગે વસૂલ કરેલા ઈન્કમટેક્સના આંકડા જોઈએ તો ૨૦૧૫-૧૬માં ઈન્કમટેક્સનું એકત્રીકરણ ૩૪૮૭૩ કરોડ રૂપિયા થયું હતું જે ૨૦૧૭-૧૮માં વધીને ૪૮,૮૦૦ થયું છે. ઈન્કમટેક્સને રાજ્યમાંથી કોર્પોરેટ ટેક્સ અને વ્યક્તિગત ટેક્સ મળે છે. ૨૦૧૮-૧૯ના પ્રાપ્ત થયેલા આંકડા પ્રમાણે રાજ્યમાંથી કોર્પોરેટ ટેક્સ પેટે ઈન્કમટેક્સ વિભાગે ૨૫,૨૫૫ કરોડ ઉઘરાવી લીધા છે જ્યારે વ્યક્તિગત ટેક્સમાં વિભાગને ૨૫૧૦૦ કરોડ મળ્યા છે. બન્નેનો સરવાળો કરીએ તો કેન્દ્રના વિભાગે ગુજરાતમાંથી ૫૦,૩૫૫ કરોડ રૂપિયાનો ઈન્કમટેક્સ વસૂલ કર્યો છે. આશ્ચર્યની બાબત એવી છે કે ગુજરાતમાં પેનકાર્ડ ધારકોની સંખ્યા વધીને ૨,૫૭,૧૮,૩૧૧ થઈ છે છતાં રિટર્ન ફાઈલ માત્ર ૬૬ લાખ ટેક્સપેયર્સે ફાઈલ કર્યા છે.